# વિમા, મિડિયા, સિંગલ બ્રાન્ડ રિટેલમાં નિયમોમાં છુટછાટ

## બજેટ રજૂ કરતી વેળા નાણાપ્રધાન દ્વારા જાહેરાત : વિમા સેક્ટરમાં ૧૦૦ ટકા એફડીઆઇ મંજુરી માટેની ઘોષણા

નવી દિલ્હી, તા. ૫

નાણામંત્રી નિર્મલા સીતારામને આજે પોતાનું પ્રથમ બજેટ રજૂ કરતી વેળા કેટલીક મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી જેના ભાગરુપે ઈન્સ્યોરન્સ, મિડિયા, ઉડ્ડયન અને સિંગલ બ્રાન્ડ રિટેલ જેવા સેક્ટરોમાં એફડીઆઈ નિયમોમાં છુટછાટ આપવાની જાહેરાત કરી છે. મોદી સરકારે પોતાની બીજી અવધિમાં પ્રથમ બજેટમાં એફપીઆઈને લઈને મોટા સુધારાનો સંકેત આપી દીધો છે. ઈન્સ્યોરન્સ સેક્ટરને ૧૦૦ ટકા પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ માટે ખોલી દેવામાં આવશે. ઈન્સ્યોરન્સ સેક્ટરમાં ૧૦૦ ટકા એફડીઆઈની મંજુરી સાથે આની શરૂઆત થઈ ગઈ છે. નાણામંત્રી નિર્મલા સીતારામને પોતાના બજેટ ભાષણમાં જુદા જુદા સેક્ટરોમાં એફડીઆઈ સાથે જોડાયેલા નિયમોમાં છુટછાટના સંકેત આપ્યા હતા. નાણામંત્રીએ કહ્યું હતું કે, દુનિયાભરમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણમાં છેલ્લા ત્રણ વર્ષના ગાળા દરમિયાન ઘટાડો થયો હોવા છતાં ભારતમાં ૨૦૧૮-૧૯માં પ્રત્યેક્ષ વિદેશી રોકાણ અથવા તો એફડીઆઈમાં છ ટકાનો વધારો થતાં આ આંકડો ૬૪ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. ભારતને પ્રત્યક્ષ વિદેશી રોકાણ માટે આકર્ષક કેન્દ્ર બનાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. નિર્મલા સીતારામને કહ્યું હતું કે, સરકાર એવિએશન, મિડિયા, વિમા ક્ષેત્રમાં એફડીઆઈ વધારવાના સંદર્ભમાં સંબંધિત પક્ષો સાથે વાતચીત કર્યા બાદ નિર્ણય કરશે. ઈન્સ્યોરન્સ ઈન્ટરમિડિયા એટલે કે વિમા મધ્યસ્થી ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપવામાં આવી રહી છે. હાલમાં એફડીઆઈ પોલિસીના ભાગરુપે વિમા સેક્ટરમાં ૪૯ ટકા એફડીઆઈને મંજુરી છે. ઈન્સ્યોરન્સ બ્રોકર્સને ફાઈનાન્સિયલ સર્વિસ ઈન્ટરમિડિયા તરીકે જોવામાં આવે છે. આમા ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી રહેશે. આવી જ રીતે મિડિયા સેક્ટરમાં એફડીઆઈની મર્યાદા જે ૨૬ ટકા છે તેને વધારાશે.

# ઉચ્ચ શિક્ષણ પર બજેટમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાવવા માટે પણ જાહેરાત : વિદેશી વિદ્યાર્થીઓ માટે હવે સ્ટડી ઇન ઇન્ડિયા પ્રોગ્રામ શરૂ કરાશે

નવી દિલ્હી, તા. ૫

દેશનું સામાન્ય બજેટ રજૂ કરતી વેળા નાણામંત્રી નિર્મલા સીતારામને તમામ વર્ગોને પ્રભાવિત કરવાની જાહેરાત કરી હતી.



બજેટમાં યુવાઓને લઈને પણ કેટલીક જાહેરાતો કરવામાં આવી છે. નાણામંત્રીએ બજેટ દરમિયાન ઉચ્ચ શિક્ષણ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઉપર ભાર મુક્યો છે. આ ઉપરાંત રમત-ગમતને પ્રોત્સાહન આપવા માટે તથા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે લઈને નવી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી. નાણામંત્રીએ વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા માટે સ્ટડી ઈન ઈન્ડિયા પ્રોગ્રામની શરૂઆત કરવાની વાત કરી હતી. બજેટ ૨૦૧૯માં યુવાઓ માટે નાણામંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, રોજગારના ક્ષેત્રોમાં પણ પ્રાથમિકતા આપવામાં આવનાર છે. આના માટે ઉચ્ચ શિક્ષણનું વાતાવરણ આંતરરાષ્ટ્રીય સ્તરનું બને તે દિશામાં પહેલ થઈ રહી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના મૂલ્યોથી યુવાનોને વાકેફ કરાવતા નિર્મલા સીતારામને કેટલીક બાબતો રજૂ કરી હતી. નાણામંત્રીએ કહ્યું હતું કે, પાંચ વર્ષ પહેલા દુનિયાની ટોપ ૨૦૦માં દેશની કોઈપણ શૈક્ષણિક સંસ્થા ન હતી પરંતુ આજે બે આઈઆઈટી સહિત ત્રણ સંસ્થાઓ આ યાદીમાં આવી ચુકી છે. આને વધુ આગળ લઈ જવામાં આવશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે રેગ્યુલેટરી સિસ્ટમમાં વધુ સુધારા કરવામાં આવનાર છે. દેશમાં ઉચ્ચ શિક્ષણનું વાતાવરણ આંતરરાષ્ટ્રીય સ્તરનું બનાવવામાં આવશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સુવિધાઓ અને અન્ય પ્રવૃત્તિને વેગ મળે તે માટે કેન્દ્ર સરકાર ૪૦૦ કરોડ રૂપિયા ઉપલબ્ધ કરાવશે. મહાત્મા ગાંધીના મૂલ્યોથી યુવાઓને વાકેફ કરવા માટે ગાંધીપિડિયા તૈયાર કરવામાં આવશે. નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન બનાવવામાં આવશે જેમાં સંશોધનની ગતિવિધિને પ્રોત્સાહન આપવામાં આવશે. શિક્ષણની ગુણવત્તા વધે તે માટે વધારે પ્રયાસ કરવામાં આવશે. નાણામંત્રી તરીકે પોતાનું પ્રથમ બજેટ રજૂ કરતી વેળા સીતારામને ઉલ્લેખનીય યોજનાઓ રજૂ કરી હતી. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ રજૂ કરવામાં આવશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે જંગી ફાળવણી કરવામાં આવી રહી છે. બજેટમાં યુવાવર્ગ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની સ્થિતિને વધુ સરળ અને આદર્શ બનાવવામાં આવશે. વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા માટે અનેક નવી પહેલ કરવામાં આવશે. આના માટે શિક્ષણનું સ્તર પણ અનેકગણુ વધુ વ્યવસ્થિત કરાશે.

### ભયજનક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સ્થિતિ વચ્ચે રોજબરોજ નાના મોટા અકસ્માતો પણ સર્જાય છે. શહેરમાં દાયકા પુર્વે ગ માર્ગ પર સ્ટોર્મ વોટરલાઈનની ચેમ્બરને કોર્નર કરવાનુ કામ પણ હાથ ધરાયુ હતુ. માર્ગ વચાળે સ્થિત ચેમ્બરના લીધે વધુ જોખમી સ્થિતિ સર્જાતા સ્થાનિકોએ આ ભયજનક સ્થિતિ નિવારવા માટે પ્રબળ માંગ કરી હતી. જયારે હાલ ગ માર્ગ વચાળે સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરના ઢાંકણો તુટેલી અને ભયજનક હાલતમાં છે. ગ -૩ પાસે પણ આવી સ્થિતિ છે. તંત્ર દ્વારા વરસાદી દિવસોમાં અકસ્માતને નિવારવા માટે શહેરના મુખ્યમાર્ગો પર ઢાંકણો યોગ્ય કરવા માટે અને આ જોખમી સ્થિતિ નિવારવા માટે આયોજન કરવાની અનિવાર્યતા હોવાની માંગ ઉઠવા પામી છે.

### ગંદકીના ઢગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાહેર સ્થળો પર કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. વરસાદી દિવસોમાં આ સમસ્યા વધુ પેચીદી બની છે. જેના લીધે વરસાદી ભીંજારામાં ગંદકી વધુ હઠીલી બની છે. શહેરમાં જાહેર સ્થળ પર જરૂરી ઠેકાણે કચરો એકત્રિત કરવાનુ કન્ટેનર પણ મુકવામાં આવ્યુ નથી. જેના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યા છે. શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડીને નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. ત્યારે લાંબા સમય સુધી તેના કાટમાળનો નિકાલ ન થતો હોવાની ફરિયાદો પણ અગાઉ ઉઠવા પામી હતી. જયારે નવી ટાવર કોલોનીને સુવિધાયુક્ત બનાવવા માટે પણ આયોજન કરાયુ છે. પરંતુ આ વિસ્તારમાં કચરાનો નિકાલ થાય તેવી કોઈ વ્યવસ્થા ગોઠવાઈ નથી. નવી સરકારી વસાહત પાસે કચરો એકત્રિત કરવા માટે કચરાના કન્ટેઈનર પણ મુકાયા નથી. જેના લીધે આવાસના સંકુલની બહાર ખુલ્લામાં જ કચરો ઠાલવી દેવાય છે. આ ઉપરાંત નગરના જાહેર સ્થળો પાસે પણ નિયમિત સફાઈ ન થતા ગંદકીની સમસ્યા પેચીદી બની છે. સેકટરોના આંતરિક માર્ગો આસાપાસના ખુલ્લા પ્લોટમાં પણ સફાઈ કામગીરીના નામે મીંડુ જોવા મળી રહ્યુ છે. ચોમાસા દરમિયાન આમ પણ વરસાદી સમસ્યાઓ ઉદભવે છે ત્યારે ગંદકીનો પ્રશ્ન વધુ ગંભીર બન્યો છે. માર્ગો પર પથરાયેલી માટીના લીધે વરસાદી છાંટણા સાથે જ કાદવ કિચ્ચડના લીધે ગંદકી સર્જાય છે. બીજીતરફ રખડતા ઢોરને નિયંત્રણમાં લેવાની કામગીરી પણ વિસરાઈ હોવાથી ગંદકી સહીતના પ્રશ્નો સેકટરવાસીઓ માટે જટીલ બન્યા છે. સેકટરોમાં સફાઈને અનુલક્ષી નમુનારૂપ વ્યવસ્થા ગોઠવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. જયારે જરૂરી ઠેકાણે કચરો એકત્રિત થાય તે માટે કચરાપેટીની વ્યવસ્થા કરવા પણ રહીશોએ માંગણી કરી છે.

### બજેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોને ત્રણ ટકા સરચાર્જ લાગુ થનાર છે. નાણાં પ્રધાને બજેટ રજૂ કરતી વેળા મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે કેટલીક પ્રોડક્ટસ પર કસ્ટમ ડ્યુટીમાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. સોના અને કિંમતી ચીજો પર કસ્ટમ ડ્યુટી ૧૦ ટકાથી વધારીને ૧૨.૫ ટકા કરવામાં આવી છે. પેટ્રોલ અને ડીઝલ પર એક એક રૂપિયાનો વધારાનો સેસ લાગુ કરવામાં આવ્યો છે. ઈલેક્ટ્રિક વાહનોની ખરીદીને પ્રોત્સાહન મળે તે માટે પણ કેટલીક જાહેરાતો કરવામાં આવી છે. મુળભુત માળખાના વિકાસ માટે કેન્દ્ર સરકાર આગામી પાંચ વર્ષમાં ૧૦૦ લાખ કરોડનુ રોકાણ કરનાર છે. કોર્પોરેટ ટેક્સની હદ વધારી દેવામાં આવી છે. ૪૦૦ કરોડ રૂપિયાથી ઓછા ટર્ન ઓવર વાળી કંપનીઓને રાહત મળશે. સસ્તા ઘર માટે વ્યાજ પર ૩.૫ લાખ રૂપિયાની છુટછાટ મળશે. નિર્મલા સીતારામને તેમનુ પ્રથમ બજેટ રજૂ કર્યુ હતુ. જે બે કલાકથી

વધારે સમય સુધી ચાલ્યુ હતુ.નાણાંપ્રધાન નિર્મલા સીતારામને આજે બજેટ રજૂ કરતી વેળા તમામને ઘર, વીજળી અને જળ ઉપલબ્ધ કરાવવાની વાત કરી હતી. સાથે સાથે રોજગારીની વધુને વધુ તક ઉભી થાય તે માટે પણ વાત કરી હતી. નાણાં પ્રધાને કૃષિ, ગ્રામીણ વિસ્તારો, શિક્ષણ, આરોગ્ય અને રોજગારીના ક્ષેત્રમાં અનેક મોટી જાહેરાત કરી હતી. તમામ વર્ગને રાજી કરવાના ઈરાદા સાથે અનેક જાહેરાત કરવામાં આવી હતી.ગ્રામીણ રોજગાર માટે સ્ફુર્તિ યોજનાની શરૂઆત કરવામાં આવી રહી છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે રેગ્યુલેટરી સિસ્ટમ લાગી કરવામાં આવી રહી છે. નાણાં પ્રધાને કહ્યુ હતુ કે મોદી સરકારે છેલ્લા ૧૦૦૦ દિવસમાં ૧૩૦થી ૧૩૫ કિમી લાંબા માર્ગો રોજ બનાવાયા છે. વડાપ્રધાન ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કામાં ૧.૨૫ લાખ કિમી માર્ગોને આગામી પાંચ વર્ષમાં અપગ્રેડ કરવામાં આવનાર છે. વડાપ્રધાન આવાસ યોજનાના બીજા તબક્કામાં વર્ષ ૨૦૨૦થી ૨૦૨૧-૨૨ના ગાળા દરમિયાન ૧.૯૫ કરોડ આવાસની ફાળવણી કરવાની યોજના રાખવવામાં આવી રહી છે. ભારતમાં દર વર્ષે ૨૦ લાખ કરોડ રૂપિયાના રોકાણની જરૂર દેખાઈ રહી છે. ઈન્ફ્રાસ્ટકચર સેક્ટર પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. બજેટમાં તમામને ઘર, વીજળી અને પાણી મળે તે બાબત પર ભાર મુકવામાં આવ્યો છે.

# દેશના પાસપોર્ટ ધરાવતા NRIને ટૂંકમાં જ આધાર

નવીદિલ્હી, તા. ૫

નાણામંત્રી નિર્મલા સીતારામને બજેટ રજૂ કરતી વેળા આજે મોટી જાહેરાત કરી હતી. લોકોને ખુબ મોટો ફાયદો થશે. તેઓ સરળતાથી પોતાના કેવાયસી કામ કરી શકશે. દેશની અંદર નાણાંકીય લેવડદેવડ કરી શકશે.




તેમણે જાહેરાત કરી હતી કે, ભારતીય પાસપોર્ટ ધરાવતા બિનનિવાસી ભારતીયોને હવે દેશમાં આવવાની સ્થિતિમાં આધારકાર્ડ જારી કરી દેવામાં આવશે. ભારતીય પાસપોર્ટ ધારક એનઆરઆઈને રાહત આપવામાં આવી છે. તેમના માટે સરળરીતે આધારકાર્ડ બનાવી દેવામાં આવશે. તેમણે બજેટ ભાષણમાં કહ્યું હતું કે, ભારતીય પાસપોર્ટ ધારક એનઆરઆઈને ૧૮૦ દિવસની જરૂરી મર્યાદાનો ઈન્તજાર કર્યા વગર આધારકાર્ડ આપી દેવામાં આવશે. નાણામંત્રીની આ જાહેરાતથી એનઆરઆઈ એટલું જ નહીં ટૂંક સમયમાં જ આધાર કાર્ડ મળવાથી એનઆરઆઈને આઈટીઆર દાખલ કરવામાં પણ સુવિધા મળશે. વર્તમાન આધાર નિયમ મુજબ દેશના દરેક નાગરિકને આધાર નંબર હાંસલ કરવાનો અધિકાર છે. જો કે, ભારતીય પાસપોર્ટ ધારક એનઆરઆઈને ૧૮૦ દિવસ રાહ જોવાની જરૂર હોય છે. આધાર નંબર મેળવવા માટે આટલા લાંબાગાળાની રાહ જોવાની પ્રક્રિયાથી બિનનિવાસી ભારતીયોને ખુબ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

# સીસીટીવી, સ્પ્લીટ એસી પર કસ્ટમ ડ્યુટી વધી છે

નવીદિલ્હી, તા. ૫

નાણામંત્રી નિર્મલા સીતારામને બજેટ રજૂ કરતી વેળા આજે મોટી જાહેરાત કરી હતી જેમાં આ મુજબની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, સ્વિચ, પ્લગ, કનેક્ટર્સ જેવી ચીજવસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી મુક્તિ પાછી ખેંચવામાં



સરકારે સીસીટીવી કેમેરા, આઈપી કેમેરા, ડિજિટલ વિડિયો રેકોર્ડર, નેટવર્ક વિડિયો રેકોર્ડર પર કસ્ટમ ડ્યુટીને ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા કરી દેવાની જાહેરાત કરી છે. સ્થાનિક ઉદ્યોગોને લેવલ પ્લેઈંગ ફિલ્ડ આપવાના હેતુસર આ નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સરકારે ઓપ્ટિકલ ફાઈબર, ઓપ્ટિકલ ફાઈબર બંડલ અને કેબલ ઉપર કસ્ટમ ડ્યુટી ૧૦ ટકાથી વધારીને ૧૫ ટકા કરવાની જાહેરાત કરી છે. નાણામંત્રીએ કેન્દ્રીય બજેટ ૨૦૧૯-૨૦ રજૂ કરતી વેળા આજે આવી રહી છે. તમામ ઉપર આકર્ષક લાગૂ થાય તેવા રેટ રહેશે. ઈનડોર અને આઉટડોર સ્પ્લીટ એસી પર કસ્ટમ ડ્યુટી ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરવામાં આવી છે. પીવીસી, ફ્લોરિંગ ટાઈલ્સ, મેટલ ફિટિંગ, ઓટો પાર્ટ્સ, સિન્થેટિક રબર્સ, મારબલ, ઓપ્ટિકલ ફાઈબર, આઈટી કેમેરા જેવી ચીજવસ્તુઓ ઉપર બેઝિક કસ્ટમ ડ્યુટીમાં વધારો કરવામાં આવી રહ્યો છે. ચાર્જર અને સીસીટીવી કેમેરા, આઈટી કેમેરાના પાવર એડપ્ટર પર કસ્ટમ ડ્યુટી ૧૫ ટકા કરાઈ છે.

# ફિનોલ અને એસીટોનના જંગી પેટ્રોકેમિકલ પ્રોજેકટમાં રોકાણ કરી દેશમાં વિકાસનું પ્લેટફોર્મ રચતી દિપક નાઈટ્રાઈટ

## દેશને આયાત ખર્ચમાં ૪૦૦ મિલિયન યુએસ ડોલરની બચત થશે

દિપક નાઈટ્રાઈટે તેની સંપૂર્ણ માલિકીની પેટા કંપની દિપક ફિનોલિક્સ દ્વારા ફીનોલ અને એસીટોનના ક્ષેત્રે સરેરાશ ૮૦ ટકા ક્ષમતા વપરાશ અને ૧૦૦ ટકા ક્ષમતાના સર્વોચ્ચ ક્ષમતા વપરાશ સુધી પહોંચીને નાણાંકિય વર્ષ ૨૦૧૯ના છેલ્લા ત્રિમાસિક ગાળામાં નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે અને એ દ્વારા રૂ.૯૨૭ કરોડના યોગદાનથી એકંદરે રૂ.૨,૭૧૫ કરોડનું ટર્નઓવર હાંસલ કર્યું છે.

આ મેગા પ્રોજેક્ટ હાલમાં અસ્તિત્વ ધરાવતાં તમામ એકમોની તુલનામાં ૮ ગણો મોટો છે. ભારત સરકારના મેક ઈન ઈન્ડિયા પ્રયાસને અનુસરીને આ પ્રોજેકટ હાથ ધરાયો હતો અને તે વાર્ષિક ૨,૦૦,૦૦૦ મેટ્રિક ટન ફિનોલ અને વાર્ષિક ૧,૨૦,૦૦૦ મેટ્રિક ટન જેટલી પેટા પેદાશ એસીટોનનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત સ્થાનિક વપરાશ માટે ૨,૬૦,૦૦૦ મેટ્રિક ટન ક્યુમેનનું પણ ઉત્પાદન કરવાની આ પ્રોજેક્ટની ક્ષમતા છે.

રૂ. ૧૪૦૦ કરોડના મૂડીરોકાણથી સ્થપાયેલો આ પ્રોજેક્ટ શરૂ થઈ ગયો છે અને છેલ્લા ૩ માસથી કાર્યરત છે. માત્ર આ બિઝનેસ વડે જ રૂ. ૧૦૦૦ કરોડનુ ટર્નઓવર હાંસલ થયું છે. મહત્વની બાબત એ છે કે ફિનોલ વડે થતા આયાત અવેજીકરણથી દેશને આયાત ખર્ચમાં ૪૦૦ મિલિયન યુએસ ડોલરની બચત થશે.

ફીનોલની સિમાચિહ્નરૂપ સિધ્ધી અંગે વાત કરતાં દિપક નાઈટ્રાઈટ એન્ડ ફિનોલિક્સના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર શ્રી દિપક મહેતા જણાવે છે ''અમારા ફીનોલ અને એસીટોન તથા આકાર લઈ રહેલા ડેરીવેટિવ્ઝ પ્રોજેક્ટ દેશને રસાયણ ક્ષેત્રે સુરક્ષા પૂરી પાડવાના તથા આયાત અવેજીકરણ તરફનાં પગલાં છે. સંપૂર્ણ ક્ષમતાએ અને લાંબે ગાળે અમે અપેક્ષા રાખીએ છીએ કે દિપક ફિનોલીક્સ દેશને ૪૦૦ મિલિયન યુએસ ડોલર જેટલા મૂલ્યની આયાત ખર્ચની બચત કરી શકશે. ઘણા નાના અને મધ્યમ કદના એકમોને ફીનોલ અને એસીટોનની સ્થાનિક ઉપલબ્ધિને કારણે પણ લાભ થશે. આગામી વર્ષમાં આ પ્લાન્ટને કારણે દિપક ગ્રુપ ની આવક હરણફાળ ભરશે. ડીપીએલનુ વધારાનુ ત્રિમાસિક ટર્નઓવર રૂ. ૧૦૦૦ કરોડનો આંકડો વટાવી દેશે અને તે માત્ર શરૂઆત હશે.''

ફીનોલ અને એસિટોનનો ઉપયોગ વિવિધ ઉદ્યોગોમાં થાય છે. તે જીડીપી અને માળખાગત સુવિધાઓના વિકાસનો હિસ્સો બની રહેશે, કારણકે સરકારે વપરાશ કરતા ઉદ્યોગોને આ પ્રોડક્ટસની જરૂરિયાત માટે આયાત ખર્ચ કરવો પડે છે. જીડીપી તથા સરકારી ખર્ચ વધતાં છેલ્લા તબક્કે વપરાશ કરતા ઉદ્યોગોની માંગ પણ વધશે.

# સામાન્ય બજેટ હાઈલાઈટ્સ

- સીધી રીતે ટેક્સ સ્લેબમાં કોઈપણ ફેરફાર કરવામાં ન આવ્યો
- બેથી પાંચ કરોડ રૂપિયાની વાર્ષિક કમાણી કરનાર પર ત્રણ ટકા વધારાનો ટેક્સ અને પાંચ કરોડથી વધુની કમાણી કરનાર પર સાત ટકા વધારાનો ટેક્સ



- પેટ્રોલ અને ડિઝલ ઉપર રૂપિયાનો સેસ લાગૂ થશે
- સોના અને અન્ય કિંમતી ચીજવસ્તુઓ ઉપર કસ્ટમ ડ્યુટી ૧૦ ટકાથી વધારીને ૧૨.૫ ટકા કરાઈ
- પેનકાર્ડ નથી તે લોકોને ચિંતા કર્યા વગર આધાર નંબરથી ઈન્કમટેક્સ દાખલ કરવાની છુટછાટ
- ઓપ્ટિકલ ફાઈબર, ઓપ્ટિકલ ફાઈબર બંડલ અને કેબલ્સ ઉપર બેઝિક કસ્ટમ ડ્યુટી ૧૦ ટકાથી વધારીને ૧૫ ટકા કરાઈ
- પ્લગ, કનેક્ટર્સ જેવી ચોક્કસ ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓ ઉપર કસ્ટમ ડ્યુટી મુક્તિ પાછી ખેંચાઈ
- સ્પ્લીટ એસીના ઈનડોર અને આઉટડોર પર કસ્ટમ ડ્યુટી ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરાઈ
- પીવીસી, ટાઈલ્સ, મેટલ ફિટિંગ, ઓટો પાર્ટ્સ, સિન્થેટિક રબર્સના જુદા જુદા પ્રકાર, મારબલ સ્લેબ, સીસીટીવી કેમેરા, આઈટી કેમેરા, ડિજિટલ અને નેટવર્ક વિડિયો રેકોર્ડર જેવી વસ્તુઓ ઉપર કસ્ટમ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો
- સીસીટીવી કેમેરા અને આઈટી કેમેરાના ચાર્જર અને પાવર એડેપ્ટર ઉપર કસ્ટમ ડ્યુટી ૧૫ ટકા
- આયાત કરવામાં આવતા લાઉડસ્પીકરની કસ્ટમ ડ્યુટી ૧૦ ટકાથી વધારીને ૧૫ ટકા કરાઈ




- સીઆરટી મોનિટર, સીટીવી, પ્લાઝમા ડિસ્પ્લે પેનલ, ડિફલેક્શન સાધનો, કેથોડવેક્યુબ જેવી વસ્તુ પર કસ્ટમ ડ્યુટી મુક્તિ પાછી ખેંચાઈ
- ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી ઉપર રાહત મળશે. જીએસટી દરમાં કાપ મુકાતા દર ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરાશે
- ૪૫ લાખ રૂપિયા સુધીના આવાસ ઉપર ઈન્કમટેક્સમાં ૧.૫ લાખની છુટછાટ
- ૪૦૦ કરોડ રૂપિયા સુધીના કારોબાર કરનાર કંપનીઓ ઉપર ૨૫ ટકાના દરે કોર્પોરેટ કરવેરા લાગૂ
- પોષાય તેવા સસ્તા આવાસની ખરીદી કરનાર લોકોને લોન પર ૩.૫ લાખ રૂપિયા સુધી વ્યાજમાં ટેક્સ મુક્તિ
- ડાયરેક્ટ ટેક્સ રેવેન્યુમાં ૭૫ ટકા સુધીનો વધારો કરાયો છે
- ઉચ્ચ શિક્ષણમાં આજે બે આઈઆઈટી સહિત ત્રણ સંસ્થાઓ ટોપ ૨૦૦માં પહોંચી છે
- વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા સ્ટડી ઈન ઈન્ડિયા પ્રોગ્રામની શરૂઆત કરાઈ
- ભારતીય પાસપોર્ટ ધારકોને ૧૮૦ દિવસ રાહ જોયા વગર આધાર કાર્ડ તરત આપી દેવામાં આવશે
- ભારતીય પાસપોર્ટ ધારક એનઆરઆઈને આઈટીઆર દાખલ કરવામાં સરળતા રહેશે
- નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની રચના કરવામાં આવશે
- ઈન્સ્યોરન્સ, મિડિયા, એવિએશન, સિંગલ બ્રાન્ડ રિટેલમાં એફડીઆઈ નિયમોમાં છુટછાટ આપવામાં આવશે
- જળજીવન મિશન હેઠળ ૨૦૨૪ સુધી દરેક ઘરમાં પીવાનું પાણી પહોંચાડાશે
- ૧.૯૫ કરોડ મકાનો ૨૦૨૧-૨૨ સુધી લાયક લોકોને ઉપલબ્ધ કરાવાશે
- ભારતમાં દર વર્ષે ૨૦ લાખ કરોડ રૂપિયાના રોકાણની જરૂર દેખાઈ રહી છે
- ગ્રામીણ રોજગાર માટે સ્ફુર્તિ યોજનાની શરૂઆત
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે રેગ્યુલેટરી સિસ્ટમમાં વધારે સુધારો કરવામાં આવનાર છે જેથી દેશમાં ઉચ્ચ શિક્ષણના માહોલને આંતરરાષ્ટ્રીય સ્તરનુ બનાવી શકાશે
- મોદી સરકારે છેલ્લા ૧૦૦૦ દિવસમાં ૧૩૦થી ૧૩૫ કિમી લાંબા માર્ગો રોજ બનાવાયા
- વડાપ્રધાન ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કામાં ૧.૨૫ લાખ કિમી માર્ગોને આગામી પાંચ વર્ષમાં અપગ્રેડ કરવામાં આવનાર છે
- વડાપ્રધાન આવાસ યોજનાના બીજા તબક્કામાં વર્ષ ૨૦૨૦થી ૨૦૨૧-૨૨ના ગાળા દરમિયાન ૧.૯૫ કરોડ આવાસની ફાળવણી કરવાની યોજના અને લક્ષ્ય રખાયુ છે
- ભારતમાં દર વર્ષે ૨૦ લાખ કરોડ રૂપિયાના રોકાણની જરૂર છે



- બજેટમાં ઈન્ફ્રાસ્ટકચર સેક્ટર પર ખાસ ભાર મુકવામાં આવ્યો
- બજેટમાં તમામને ઘર, વીજળી અને પાણી મળે તે બાબત પર ભાર મુકવામાં આવ્યો
- મહિલાઓ માટે શ્રેણીબદ્ધ જાહેરાત કરાઈ જે પૈકી લોનની સરળ સુવિધા મળશે
- શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રમાં પણ અનેક યોજના જાહેર કરવામાં આવી
- દેશને શિક્ષણના ક્ષેત્રમાં હબ બનાવવા માટે ખાસ ભાર મુકવામાં આવ્યો
- બીજી ઓક્ટોબર ૨૦૧૯ સુધી ભારત ખુલ્લામાં શૌચથી મુક્ત બની જશે અને મોદીનુ સપનુ પૂર્ણ કરી દેવામાં આવશે
- ૨૫૬ જિલ્લામાં જળ સંચાલન અથવા તો પ્રબંધનની સ્થિતી કમજોર હોવાથી વર્ષ ૨૦૨૪ સુધી તેમાં ઉલ્લેખનીય સુધારો કરાશે
- અસંગઠિત છેત્રમાં કામ કરનાર લોકોને ૩૦૦૦ રૂપિયાની પેન્શન ૬૦ વર્ષ બાદ આપવામાં આવનાર છે હજુ સુધી સ્કીમમાં ૩૦ લાખ લોકો જોડાઈ ચુક્યા છે
- બીજી ઓક્ટોબરના દિવસે રાજઘાટ પર રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્રનુ ઉદ્ઘાટન કરવામાં આવશે
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને ૪૦૦ કરોડ રૂપિયાની મદદ કેન્દ્ર સરકાર કરશે. વિદેશી વિદ્યાર્થીઓ માટે સ્ટડી ઈન ઈન્ડિયા પ્રોગ્રામ રહેશે



- સ્વચ્છતા અભિયાન હેઠળ હવે દરેક ગામમાં કચરાના નિકાલ માટે ખાસ વ્યવસ્થા કરાશે
- બીજી ઓક્ટોબર ૨૦૧૪થી લઈને હજુ સુધી ૯.૬ કરોડ ટોઈલેટનુ નિર્માણ કરાયુ
- ગામોથી બજારને જોડનાર માર્ગોને અપગ્રેડ કરવામાં આવનાર છે
- મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે
- ગરીબોને જુદી જુદી સુવિધા માટે કેટલીક યોજના જાહેર કરાઈ
- જુદા જુદા ક્ષેત્રો માટે ફાળવણીમાં વધારો કરવામાં આવ્યો
- આ ચૂંટણીમાં રેકોર્ડ સંખ્યામાં મહિલાઓ દ્વારા મતદાન કરવામાં આવ્યુ. સાથે સાથે ૭૮ મહિલાઓ ચૂંટાઈને આવી છે જે રેકોર્ડ છે
- જીરો બજેટ ફાર્મિંગ મારફતે ખેડુતોની આવકને બે ગણી કરવા માટે મદદ કરાશે
- આગામી પાંચ વર્ષમાં ૧૦૦૦૦ નવા કિસાન ઉત્પાદક સંગઠનની રચના કરવામાં આવનાર છે
- છેલ્લા દોઢ વર્ષના ગાળામાં અનાજના ઉત્પાદનમાં નવા રેકોર્ડ સર્જાયા છે
- કોઓપરેટિવ મારફતે ડેરી ઉદ્યોગને પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે
- અન્નદાતાને ઉર્જા દાતા બનાવવા માટે અનેક કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી
- ઈલેક્ટ્રિક વાહનની ખરીદીને પ્રોત્સાહન આપવા માટે પગલા
- જે લોકોની આવક વાર્ષિક વધારે છે તેમને વધારે ટેક્સ ચુકવવાની જરૂર પડશે
- સરકારી બેંકોની સંખ્યામાં ઘટાડો કરવામાં આવ્યો છે
- જે લોકો પાસે પાન કાર્ડ નથી તે આધાર કાર્ડનો ઉપયોગ કરીને ટેક્સ ભરી શકશે
- આધાર કાર્ડ હવે દેશના મોટા ભાગના લોકો સુધી પહોંચી ગયા છે
- એક કરોડથી વધારેના બેંકમાંથી રોકડ ઉપાડ પર બે ટકા ટીડીએસ રહેશે
- ૭૦ લાખ નવા રોજગાર ઉપલબ્ધ કરાવવાનુ લક્ષ્ય છે
- ૨૫૦૦૦થી વધારે ફુટફોલ સ્ટેશનો પર સ્કેલેટર્સ લગાવાશે
- ૧૨૦૦૦ વેગન્સ, ૫૧૬૦ કોચ અને ૭૦૦ લોકોમોટિવ્સ બનાવાશે
- હવાઈયાત્રાને વધારે સરળ અને સુગમ બનાવવા માટે પગલા લેવાશે
- એરપોર્ટની સંખ્યાને પાંચ ગણી કરવામાં આવનાર છે
- અમૃત પ્રોગ્રામ હેઠળ ૫૦૦ શહેરોમાં પેયજળની વ્યવસ્થા મજબુત કરાશે
- મુંબઈમાં ૯૦ કિલોમીટર રેલવે પાટા બિછાવાશે
- મુંબઈ રેલવે નેટવર્કના વિકાસ માટે ૧૧૦૦૦ કરોડ અપાશે